# કલમ–૪ (૧)(ખ)(૧)

## <u>સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો</u>

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોન હેઠળના સામાન્ય બિલ્ડીંગનાં પ્રોજેકટોની ઈન–હાઉસ આર્કીટેકચરલ પ્લાનીંગ અને સ્ટ્રકચરલ ડિઝાઈન તૈયાર કરીને તેનું ઝડપથી અમલીકરણ થઈ શકે તેમજ હયાત બિલ્ડીંગોનાં સ્ટ્રકચરલ સેફટી/ સ્ટેબીલીટીની કામગીરી અંગે તા.૨૩/૦૬/૨૦૨૩ થી " સેન્ટ્રલ ડિઝાઈનીંગ સેલ " ઉપસ્થિત કરીને કાર્યરત કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ડિઝાઈન સેલ ધ્વારા સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં આયોજન હેઠળના સામાન્ય બિલ્ડીંગના પ્રોજેકટ જેવા કે...

- આંગણવાડી કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર,(મેટરનીટી હોમ સહિત), ફાયર સ્ટેશન અને સ્ટાફ કવાર્ટસ,સંકલિત વોર્ડ ઓફિસ અને જનસેવા કેન્દ્ર,રીડીંગ રૂમ, લાયબ્રેરી, પ્રાથમિક તથા સુમન શાળા, હોસ્પિટલ (૫૦ બેડ), કોમ્યુનિટી હોલ, મલ્ટીલેવલ પાર્કીંગ, વર્કીંગ વુમન હોસ્ટેલ , ફુડ કોર્ટ, પ્લેસ મેકીંગ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, યોગ સ્ટુડિયો , આઈ.એસ.ડી.સી. ઘટક કચેરી ,ઈમરજન્સી એકઝીટ સ્ટેર, પે એન્ડ યુઝ ટોયલેટ વિગેરે આર.સી.સી.બિલ્ડીંગના આર્કીટેકચરલ પ્લાનીંગ અને ડિઝાઈનીંગ (તમામ સીવીલ વર્ક, એરીયા ડેવલપમેન્ટ) સ્ટ્રકચરલ ડિઝાઈન, આઈટમવાઇઝ ડિટેઈલ્ડ અંદાજો બનાવવાની કામગીરી...
- સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનવિસ્તારમાં આવેલ ઉપરોકત સુચવ્યા મુજબના હયાત બિલ્ડીંગના સ્ટ્રકચરલ સેફટી/ સ્ટ્રકચરલ રીપોર્ટ તૈયાર કરવા અંગે સ્ટ્રકચરલ કન્સલ્ટન્ટ (કરારીય)ધ્વારા સ્થળ વિઝીટ કર્યા બાદ, સંબધિત ઝોન ધ્વારા સ્ટ્રકચરલ પરીક્ષણ કરતી એજન્સી પાસેથી સંમતિ મંગાવી કામગીરી સોપણી કરી તેઓ ધ્વારા સ્ટ્રકચરલ પરીક્ષણનો રીપોર્ટ રજુ કર્યેથી, સદરહું પરીક્ષણ રીપોર્ટ સંબધિત ઝોન ધ્વારા સેન્ટ્રલ ડીઝાઈન સેલમાં રજુ કર્યેથી સ્ટ્રકચરલ કન્સલ્ટન્ટ (કરારીય)ધ્વારા તેનો અભ્યાસ કરી સ્ટ્રકચરલ સેફટી/ સ્ટેબીલીટી રીપોર્ટ, સ્ટ્રકચરલ અભિપ્રાય આપવા તથા તેના રીહેબીલીટેશન/ સ્ટ્રેન્ધનીંગ/ રીપેરીંગની મેથોડોલોજી પુરી પાડી અંદાજો તૈયાર કરવાની અને સ્ટ્રકચરલ ડિઝાઈનની કામગીરી...
- સુરત મહાનગરપાલિકાના ઝોન અને વિભાગ ધ્વારા પ્રોજેકટની કામગીરી અંગે આઉટસોર્સથી નિયુકત કરવામાં આવેલ કન્સલ્ટન્ટ ધ્વારા આપવામાં આવેલ ઉપરોકત સુચિત આર.સી.સી.બિલ્ડીંગોના સ્ટ્રકચરલ ડિઝાઈનના પ્રુફ ચેકીંગની કામગીરી કરવામાં આવી રહી છે.